ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

પરિપત્ર:-

વિષય: Fee Regulation Committee (FRC)-2024-27 માટે યુનિવર્સિટી સંલગ્ન ખાનગી B.Ed./M.Ed. કોલેજો દ્વારા UDYAM COGENT પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવા બાબત.

સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક/ISC-7/યુનિ./૨૦૨૪/577, તા.૦૧/૦૩/૨૦૨૪.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ ખાનગી બી.એડ./એમ.એડ. કોલેજ/સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓને જણાવવાનું કે, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનાં ઉપરોક્ત સંદર્ભ પત્ર અન્વયે સંબધિત કોલેજ/સંસ્થાઓએ ૦૧ માર્ચ, ૨૦૨૪ થી ૩૧ માર્ચ ૨૦૨૪ સુધીમાં UDYAM COGENT પોર્ટલ પર અરજીઓ સમયમર્યાદામાં ઓનલાઈન થાય તથા આ કોલેજોની ફી નિર્ધારણની કાર્યવાહી સમિતિ સમયમર્યાદામાં કરી શકે તે હેતુથી વર્ષ:૨૦૨૪-૨૭ માટે જાહેરાત આપવામાં આવેલ છે તે સંદર્ભે UDYAM COGENT પોર્ટલ ઉપર FRC મોડ્યુલમાં જે કોલેજ/સંસ્થાઓએ UDYAM COGENT પોર્ટલ પર ફી નિર્ધારણ માટે ઓનલાઈન અરજી કરેલી છે તે સિવાયની હજુ સુધી જે કોલેજ/સંસ્થાઓએ ફી નિર્ધારણ માટે દરખાસ્ત કરેલ નથી તેવી કોલેજ/સંસ્થાઓએ સંદર્ભદર્શિત પત્રમાં જણાવેલ વિગતે UDYAM COGENT પોર્ટલ ઉપર તા.૩૧ માર્ચ, ૨૦૨૪નાં રોજ રાત્રે ૧૨-૦૦ કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરી દેવા જણાવવામાં આવે છે.

કા.કુલસચિવ

બિડાણ:-
- સંદર્ભદર્શિત પત્રની નકલ.

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૩૯૯/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૦૫/૦૩/૨૦૨૪

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ ખાનગી બી.એડ./એમ.એડ. કોલેજ/સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.
નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યાવાહી અર્થે:-
(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || : academic@bknmu.edu.in

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ક્રમાંક:ISC-7/યુનિ/૨૦૨૪/ 577 તારીખ: 9 /03/૨૦૨૪

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

સરકારી યુનિવર્સિટી (તમામ)

ગુજરાત રાજ્ય

વિષય : Fee Regulation Committee (FRC) – 2024-27 માટે આપની યુનિવર્સિટી સંલગ્ન ખાનગી B.Ed./M.Ed./B.P.Ed./M.P.Ed. કોલેજોનું મોનિટરીંગ કરવા બાબત

સંદર્ભ: ૧. તા.૨૯/૦૨/૨૦૨૪ના સંદેશ વર્તમાનપત્રમાંની જાહેરાત

૨. શિક્ષણ વિભાગના ઠરાવ તા- ૨૩-૦૨-૨૦૧૧ ના Resolution No. NCT/2010/3/KH-1

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આપ સુવિદિત છો કે રાજ્યમાં આવેલી અને આપની યુનિવર્સિટી તળે નોંધાયેલી સ્વનિર્ભર શૈક્ષણિક સ્નાતક(બી.એડ.) , શૈક્ષણિક અનુસ્નાતક (એમ.એડ.), બી.પી.એડ., અને એમ.પી.એડ. કોલેજોની ફી નિર્ધારણ માટે રાજ્ય સરકાર દ્વારા સંદર્ભ-૨ થી ફી નિર્ધારણ સમિતિનું ગઠન કરેલ છે. આ સમિતિ દ્વારા વર્ષ ૨૦૦૩થી ત્રિ-વર્ષીય બ્લોક માટે આ સંસ્થાઓની ફી નિર્ધારણ કરવામાં આવે છે. હાલના સમયમાં ફી નિર્ધારણ સમિતિ દ્વારા આ કોલેજોની વર્ષ ૨૦૨૧-૨૪ ના બ્લોકની ફી નિર્ધારણની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તથા આગામી બ્લોક ૨૦૨૪-૨૭ માટે સંદર્ભ દર્શિત -૧ અન્વયે વર્તમાનાપત્રમાં જાહેરાત આપવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે.

આ જાહેરાત અન્વયે સંબંધિત કોલેજોએ ૧ માર્ચ ૨૦૨૪ થી ૩૧ માર્ચ ૨૦૨૪ સુધીમાં UDHYAM COGENT પોર્ટલ પર ( અગાઉના ૨૧-૨૪ના બ્લોકમાં કરેલ દરખાસ્ત મુજબ) પોતાની અરજી ઓનલાઈન કરવાની રહે છે. આ અરજીઓ સમયમર્યાદામાં ઓનલાઈન થાય તથા આ કોલેજોની ફી નિર્ધારણની કાર્યવાહી સમિતિ સમયમર્યાદામાં કરી શકે તે હેતુથી આ બ્લોકથી UDHYAM COGENT પોર્ટલ ઉપર FRC મોડ્યુલમાં સંબંધિત યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રીઓ તેમની યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર શૈક્ષણિક સ્નાતક(બી.એડ.), શૈક્ષણિક અનુસ્નાતક (એમ.એડ.), (બી.પી.એડ.), અને એમ.પી.એડ. કોલેજોનું મોનિટરીંગ કરી શકે તે હેતુથી સદર પોર્ટલમાં પોતાની કોલેજોને ડેશબોર્ડ ઉપર જોઈ શકશે એટલે કે સંદર્ભ-૧ની જાહેરાત અન્વયે ૧ માર્ચ થી ૩૧ માર્ચ સુધીમાં આપની યુનિવર્સિટી તળે નોંધાયેલી ઉપર મુજબના અભ્યાસક્રમો

ચલાવતી સ્વનિર્ભર કોલેજો કે જેમણે એપ્લાય કરી દિધેલુ છે તે આ ડેશબોર્ડ ઉપર જોઈ શકાશે. આપશ્રી પાસે અપેક્ષિત છે કે આ ડેશબોર્ડને આપના દ્વારા પ્રતિદિન મોનિટરીંગ થાય તથા હજુ સુધી જે કોલેજોએ દરખાસ્ત કરી નથી તે કોલેજો પાસે આનુ કાર્ય કરાવામાં આવે તો જ આપની યુનિવર્સિટીના ક્ષેત્રાધિકાર તળે નોંધાયેલી ઉપર મુજબની સ્વનિર્ભર કોલેજોની દરખાસ્તો ફી નિર્ધારણ સમિતિ સુધી સમયમર્યાદામાં પહોચી શકે.

ઉપર મુજબના ડેશબોર્ડની જોવા માટે આપશ્રીએ **UDHYAM COGENT** પોર્ટલ પર આપને પૂર્વે આપવામાં આવે પાસવર્ડને આધારે લોગ ઈન કરીને FRC મોડ્યુલ પર ક્લિક કરતા આપને ડેશબોર્ડ જોવા મળશે. આપના દ્વારા સંબંધિત સ્વનિર્ભર શૈક્ષણિક સ્નાતક(બી.એડ.) . શૈક્ષણિક અનુસ્નાતક (એમ.એડ.), (બી.પી.એડ.), અને એમ.પી.એડ. કોલેજોને સમયમર્યાદામાં ફી નિર્ધારણ માટે ઓનલાઈન રજીસ્ટર કરવા આપની કક્ષાએથી અલાયદી જાણ કરશો. તા.૩૧ માર્ચ ૨૦૨૪ના રાતે ૧૨:૦૦ કલાકે આ પોર્ટલ લોક કરી દેવામા આવશે. આ અંગે પુન: આપની યુનિવર્સિટી તળની સંબંધિત કોલેજો ફી નિર્ધારણ માટે પોર્ટલમાં આનુષંગિક દસ્તાવેજો સાથે પોતાની દરખાસ્ત કરી આપે તે જોવા વિનંતી છે. વધુમાં, FRC મેન્યુઅલ પોર્ટલ પર ઉપલબ્ધ છે તેમજ આ સાથે સામેલ રાખી આપને મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેશો.

માન. અધિક કમિશ્નરની નોંધ પર મળેલ અનુમતિ અન્વયે

નાયબ નિયામક

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી

ગાંધીનગર

શ્રેયાન અધિક્ષક ઈ-મેઈલ : ssuniversity-che@gujgov.edu.in

Phone : 079 23254022